# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૫ અંક : ૧૭૭

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક
**અરવિંદ કેશવજી છેડા**
ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬
મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ–સંપાદકો
**હંસકુમાર સાયલા**
ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**
ફોન : ૬૬૪૬૮૬૧૭, ૯૨૪૬૧૮૮૬૧૭

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩–૫–૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
www.asanjokutch.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કીમત – રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

શાળાથી માંડીને કોલેજ સુધીમાં દરેક વિદ્યાર્થીઓ, પોતપોતાનાં ધોરણની પ્રિફાઈનલ પરીક્ષાઓમાંથી પરવાર્યા હશે. સાથેજ, વર્ષાંત–એન્યુઅલ પરીક્ષાઓની ભરપૂર તૈયારીમાં મશગુલ હશે. તેમને મદદરૂપ થવા, આખોય પરિવાર પણ પૂરતો પરિશ્રમ કરે છે. પોતાનાં બાળકો સફળ થઈ મોખરે આવે એવી સૌની ખેવના હોય છે. ખંતથી કરેલ મહેનત સુંદર પરિણામ લાવે છે. એ હકિકત છે. એમની સફળતાની શુભેચ્છાઓ આપણે પાઠવીએ છીએ.

આપણાં સમાજની પ્રતિષ્ઠિત "નવનીત ક્રિકેટ સ્પર્ધા"માં વિજય મેળવવા આપણી ટીમ અથાગ પ્રેકટીસ કરી રહી છે. ટીમનાં દરેક સભ્ય સંપૂર્ણ સ્વસ્થ રહે અને સફળ થઈ "નવનીત કપ" મેળવી પાછા આવે એવી હાર્દિક શુભેચ્છાઓ.

વસંતઋતુનાં પગરણ થતાં જ મુલાયમ ઠંડી ગાયબ થઈ ગઈ છે. આબોહવામાં અચાનક તીવ્ર બદલાવ આવી ગયાં છે. ઉત્તરભારત જે રીતે સખત ટાઢમાં સપડાયું હતું, તેવીજ ઉગ્ર ગરમીનાં અણસારની આગાહીઓ સામે સૌએ સ્વાસ્થ્ય માટે ચેતતા રહેવું.

**ધર્મ જીવન નહી,**
**અપીતુ જીવનનું**
**એક મહત્ત્વપૂર્ણ અંગ છે.**

### આ મહિનાની ડાયરી

**શાંતીવન સમિતિ – મુશાયરા**

રવિવાર દિ. ૨૮–૨–૨૦૧૦, રાત્રી ૮.૦૦ કલાકે

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો જેની વેબસાઈટ નિચે મુજબ છેઃ

**http://www.asanjokutch.com/kutchhi_pub-1.asp?mname= NIYAPO**

# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

જિંદગી એ સમયનો સરવાળો છે એમાં આપણે ગુણાકારો કરતા રહીએ છીએ અને છેવટે ભાગાકાર થઈ જાય છે. ટુંકા સ્વાર્થ અને બીજાને ઓછું અને પોતાને વધુમાં વધુ મળી જાય એવી ભાવનાથી આપણે જીવનમાં કેટલું બધું ગુમાવી દેતા હોઈએ છીએ. થોડાક સુખ અને સંતોષ માટે જીવનની અમુલ્ય વસ્તુ ગુમાવી બેસીએ છીએ.

આપણે થોડાને માટે કેટલું બધું ગુમાવી દઈએ છીએ. થોડા પૈસા, થોડી મિલકત, થોડો લોભ અને થોડા સ્વાર્થ ખાતર આપણે કુટુંબમાં, સમાજમાં કેટલું બધુ ગુમાવી દઈએ છીએ. સ્નેહ અને પ્રેમના સંબંધોનો વિચ્છેદ ઉડાવી દઈએ છીએ. થોડું મેળવીને માણસ વધુમાં વધુ ગુમાવી નાખે છે અને કેટલીક વખત કશું હાથમાં આવતું નથી પરંતુ સંબંધોમાં પ્રેમ અને સ્નેહના જે તંતુઓ તૂટે છે તે કદી સંધાતા નથી. તેના ઘા જિંદગીભર રૂઝાતા નથી. જ્યાં સુધી ત્યાગની, આપવાની ભાવના નથી ત્યાં સુધી કશું મળતું નથી.

વિચાર અને વાણીમાં શુધ્ધતા, ખોટું વિચારવું નહીં, ખોટું બોલવું નહી, કોઈને હાની પહોચાડવી નહી, આપણું ધાર્યુ ન થાય તો પણ ગુસ્સો કરવો નહી. એ બધી બાબતો મનુષ્યને ઉચ્ચગતિએ લઈ જાય છે.

જીવનની જે બધી હરકતો છે, યાતના છે તેના મૂળમાં લોભ અને તૃષ્ણા રહેલા છે. આ લોભ અને તૃષ્ણાને કારણે ગમે તેટલું મેળવવા છતાં માનવીને સંતોષ નથી. તૃષ્ણાનો કોઈ અંત નથી, તે આકાશ જેટલી અનંત છે. તૃષ્ણાને કારણે માણસ પોતાની પાસે જે છે તેનો આનંદ અનુભવી શકતો નથી. જીવન જેવું છે તેવું સ્વીકારવું એજ મુક્તિ, શાંતિ અને સ્વર્ગ છે.

''આ જગતમાં બે પ્રકારના લોકો છે, એકની નજર જે નથી મળ્યું તેના પર છે. બીજાની નજર જે મળ્યું છે તેના પર છે. એકને અસંતોષ છે બીજાને સંતોષ"

નિયાંપો માટે જીવનોપયાગી, સામાજીક, કોઈ અન્ય લખાણો મોકલવા આપસૌને આમંત્રણ છે.

લખાણો સ્વચ્છ અક્ષરોમાં, વાંચી શકાય, સમજી શકાય તે જરૂર ધ્યાનમાં રાખવું. લખાણો વ્યક્તિગત, સામાજીક, ધાર્મિક, ટીકા વગરના હોય તે ધ્યાનમાં રાખવું. લખાણો યોગ્ય સમયે-યોગ્ય સ્થળે પ્રસિદ્ધ કરવામાં આવશે. દરેક લખાણો પ્રસિદ્ધ કરવા અનિવાર્ય નથી. લખાણો પ્રસિદ્ધ ન થાય તો તે અંગે પત્ર વ્યવહાર દ્વારા ખુલાશો પુછવો નહી.

કચ્છી મિત્ર મંડળ દ્વારા, અગર કોઈ પણ સમિતિ દ્વારા થઈ રહેલ કાર્યક્રમો બાબત કોઈ પણ ટિકા-ટિપ્પણી પ્રસિદ્ધ કરવામાં નહી આવે. પરંતુ આપના સૂચનો-અભિપ્રાયો અને માર્ગદર્શન ઉપર ઘટતું કરવામાં આવશે. દર મહિના ની ૩૦ તારીખ સુધી જાહેરાત મોકલી શકાય છે. જે બીજા મહિનાના નિયાંપોમાં આવી શકે.

*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*

**PREETI PHARMA**

**INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.**

**PHONE : 6553 3588, 6558 6970.**



## મંત્રીશ્રીનો અહેવાલ

**અમૃતલાલ ભાણજી નિશર**

નવા વર્ષનો એક મહિનો પૂરો થયો. ઘણી બધી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કર્યું. દરેક કાર્યક્રમનાં આયોજન માટે એક કે દોઢ મહિનો અગાઉથી તૈયારીઓ કરવી પડે છે, અને તે મુજબ સમયનો પણ ભોગ આપવો પડે છે. દરેક સમિતિનાં સંચાલકો અને સહકાર્યકર્તાઓએ તન-મન-ધનથી દરેક પ્રવૃત્તિ સુંદર રીતે પૂર્ણ કરી છે.

ગત માસમાં તા. ૧૦-૧-૨૦૧૦નાં સ્વાસ્થ્ય શિબિરનું આયોજન થયું. લગભગ ૭૦૦ જેટલી વ્યક્તિઓએ જુદા જુદા વિભાગોમાં લાભ લીધો. આ શિબિર દરમ્યાન યોજાયેલ મેગનેટ થેરપીનાં ડેમોન્સ્ટ્રેશન અને કન્સલટેશન બાદ સારવાર લેવા ઈચ્છનાર સભ્યોને વધુ માહિતિ અને રાહત દર માટે માનદ મંત્રી અથવા સંચાલક શ્રી કિર્તીભાઈ કાપડીયાનો સંપર્ક કરવા વિનંતી.

તા. ૧૭-૧-૨૦૧૦ને દિવસે રમત-ગમતનાં કાર્યક્રમો નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ અને સાંજે સાંસ્કૃતિક મેળાવડાનું આયોજન થયું.

તા. ૨૬-૧-૨૦૧૦નાં માનવ-મિત્ર સમિતિ દ્વારા યોજાયેલ સાધના આશ્રમમાં ધ્વજ-વંદનનો કાર્યક્રમ ખૂબજ સફળ રહયો, અને એ નિમિત્તે કેટલાક અનુદાનો પણ પ્રાપ્ત થયા.

આમ આ દરેક કાર્યક્રમોની સફળતાનો શ્રેય સંપૂર્ણપણે સમિતિ-સંચાલકો તથા તેમના સાથીઓને જાય છે. સર્વ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન.

તા. ૨૮મી ફેબ્રુઆરીને દિવસે શાંતિવન સમિતિ દ્વારા કાર્યક્રમની યોજના વિચારણામાં છે. સમિતિ સંચાલકશ્રી આ વિષેની માહિતિ આપશે. હવે પરીક્ષાઓની તૈયારીઓ માટે બાળકો અને તેમની સાથે તેમનાં વાલીઓને પણ સમયનો ભોગ આપવો પડશે, તેથી મંડળની પ્રવૃત્તિઓને પણ થોડો વિરામ આપવો જરૂરી છે.

ભવનની દેખરેખ માટે શ્રી દીનકર સુરલુની નિમણુંક કરવામાં આવી છે. તેઓ ફેબ્રુઆરી મહિનાથી કાર્યભાર સંભાળશે. લગ્નની સીઝન ઉપરાંત સભાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ભવનનો લાભ લેવાય, એ માટેની વિચારણાઓ થઈ રહી છે.

આવાસ-ગૃહમાં પાણીની ટાંકી ઉપર જવા માટે સીડીઓ તૈયાર થઈ ગઈ છે. પાણીની મોટી લાઈન લેવા પગલા લેવાઈ રહયા છે.

"નિયાંપો" અંકનાં "વિવિધા" વિભાગ માટે વિવિધ ક્ષેત્રોની માહિતિ મોકલવા સભ્યોને વિનંતિ.



## શાંતિવન સમિતિ

**સંચાલક : હંસકુમાર સાયલા**
**સહસંચાલક : દામજી માવજી સાવલા**

સહર્ષ જણાવવાનું કે રવિવાર દિ. ૨૮ ફેબ્રુવારી ૨૦૧૦ના રાતના ૮.૩૦ કલાકે થી શ્રી કચ્છી ભવન, રામકોટ, ઈડનબાગ મધ્યે મુશાયરાનું ભવ્યાતી ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. મંડળના સર્વે સભાસદ પરિવારને આગ્રહ ભરી વિનંતી છે કે સમયસર હાજર રહી સહકાર આપશો.

કાર્યક્રમમાં અલ્પાહારની વ્યવસ્થા છે. તા.ક. બહારના કલાકારો સાથે મંડળના કલાકારોને ભાગ લેવો હોય તો તા. ૨૦ ફેબ્રુવારી ૨૦૧૦ સુધી સંચાલક પાસે પોતાના નામ લખાવવા વિનંતી.

## માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

### ૨૬મી જાન્યુઆરી–ધ્વજવંદનનો કાર્યક્રમ–સાધના આશ્રમ, નાચારામ.

પ્રતિ વર્ષ અનુસાર આ વર્ષ પણ મૂઠીભર અનાજ યોજનાના યુવા વોલીયન્ટર ભાઈ–બહેનોએ ૨૬મી જાન્યુઆરીના મંદબુદ્ધિ ધરાવતા–સાધના આશ્રમના ૧૨૫ બાળકો તથા આપણા મંડળના ૧૨૫ સભ્યોની હાજરીમાં, મંડળના ઉપપ્રમુખ શ્રી મણિકાન્ત મોમાયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. અતિથી વિશેષ શ્રી મણિકાન્ત મોમાયા પોતાના પ્રવચનમાં આશ્રમના કાર્યક્રમની પ્રસંશા કરી તેમના તરફથી એક વેટ ગ્રાઈન્ડર તેમજ રૂા. ૧૫૦૦૦/– સુધીની રકમનાં અન્ય સાધનો માટેની જાહેરાત કરી. તા. ૨૩–૧–૨૦૧૦ તથા તા. ૨૬–૧–૨૦૧૦ના મૂઠીભર અનાજ યોજના વોલીયન્ટરોએ આશ્રમના બાળકો માટે વિવિધ રમત–ગમત રાઈટીંગ કોમ્પીટેશન વગેરે કાર્યક્રમનું આયોજન કરેલ. વોલીયન્ટર ભાઈ–બહેનોએ પણ કાર્યક્રમ આપેલ – કાર્યક્રમ બાદ આશ્રમના બાળકો તથા ઉપસ્થિત મહેમાનોએ સ્વાદિષ્ટ ભોજન કરેલ. આ

કાર્યક્રમને સફળ બનાવવા માટે મૂઠીભર અનાજ યોજનાના–વોલીયન્ટર ભાઈઓનું યોગદાન મુખ્ય હતું. તેઓએ રૂા. ૩૦,૦૦૦ તથા રૂા. ૩૬૦૦/– પાસ માટેની રકમ એકઠી કરેલ છે. રૂ. ૫૦૦૦, નું યોગદાન શ્રી માનવ સેવા સંઘ તરફથી આશ્રમના બાળકો માટે ધાબળા ના વિતરણ માટે કરેલ. સ્વાદિષ્ટ ભોજન માટે શ્રી લક્ષ્મણ (મે. તારા કેટર્સ)નાં યોગદાન માટે તેમજ શ્રી ધીરેન ધરોડનો વાહનની સેવા અર્પણ કરેલ તેઓ તથા અન્ય ભાઈ–બહેનોએ જે સહકાર આપેલ તે બદલ અમે સૌના આભારી છીએ. સાધના આશ્રમના મંત્રી શ્રી મધુસુધન રેડ્ડીનો આભાર વ્યક્ત કરીએ છીએ.

મૂઠીભર અનાજ યોજના સાતમાં વર્ષમાં પ્રવેશ કરે છે વિવિધ સ્થળેથી અનાજ પ્રાપ્ત કરવા માટે યુવા ભાઈઓ–બહેનોએ માનવ સેવાના કાર્ય માટે પોતાના નામ લખાવવા વિનંતી.

**ગૌશાળા માટે દાન**

રૂા.૫૨૫૦/– શ્રી છેડા ભાવિક સંઘ તરફથી

રૂા.૨૨૫૦/– સાવલા નૂખના ભાવિકો તરફથી

રૂા.૧૫૦૦/– સ્વ. વૃજલાલ ચુનિલાલ શાહના સ્મર્ણાર્થે હઃ સુપુત્રી ગીતાબેન જયંત લક્ષ્મીચંદ ગોસર

રૂા.૧૦૦૦/– શ્રી નેમજી કાનજી ધરોડ–પુ. માતુશ્રીની પુણ્યતિથિ નિમિત્તે

રૂા.૧૦૦૦/– માનવ મિત્ર સમિતિને શ્રીમતી ગીતાબેન જયંત લક્ષ્મીચંદ ગોસર તરફથી તેમના પિતાશ્રી સ્વ. વૃજલાલ ચુનિલાલ શાહના સ્માર્ણર્થે પ્રાપ્ત થયા છે.

રૂા. ૫૦૦/– શ્રી દેવચંદ ઉમરશી દેઢીયા તરફથી પૌત્રના જન્મ ખુશાલી નિમિત્તે

રૂા. ૫૦૦/– સ્વ. હેમલતા મગનલાલ સાવલાની પુણ્યતિથી નિમિત્તે

રૂા. ૭૫૧/– સ્વ. પ્રેમજી જગશી ગાલાની પુણ્યતીથી નિમિત્તે

**આશ્રમ માટે દાન**

રૂા.૧૫૦૦/– સ્વ. વૃજલાલ ચુનિલાલ શાહના સ્મર્ણાર્થે હઃસુપુત્રી ગીતાબેન જયંત લક્ષ્મીચંદ ગોસર

રૂા.૧૦૦૦/– શ્રી નેમજી કાનજી ધરોડ–પુ. માતુશ્રીની પુણ્યતિથિ નિમિત્તે

રૂા. ૫૦૦/– શ્રી દેવચંદ ઉમરશી દેઢીયા–પૌત્રના જન્મની ખુશાલી નિમિત્તે

**હોસ્પિટલ માટે દાન**

રૂા. ૧૦૦૦/– શ્રી નેમજી કાનજી ધરોડ–પુ. માતુશ્રીની પુણ્યતિથિ નિમિત્તે

રૂા. ૫૦૦/– શ્રી દેવચંદ ઉમરશી દેઢીયા–પૌત્રના જન્મની ખુશાલી નિમિત્તે

રૂા. ૨૫૦/– એક સદ્‌ગ્રહસ્થ તરફથી

**રૂા. ૨૫૦૦/–** ડાયાલીસીસ માટે શ્રી મહાવીર જૈન રીલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટને પ્રાપ્ત થયા છે. ઉપરોક્ત દાન માટે દાતાઓનો આભાર.

માનવ મિત્ર દ્વારા એસએમએસની સેવા પ્રાપ્ત થાય છે તેમાં ઘર દીઠ એક સેલના નંબર આપવા સભ્યોને વિનંતી. ઘણા સભ્યોના સેલના નંબર બદલાઈ જતાં તેમને એસએમએસ દ્વારા કાર્યક્રમની જાણ થતી નથી તેથી તેઓને વિનંતી કે નવા સેલ નંબર શ્રી પંકજ વલ્લભજી સાવલાને લખાવવા વિનંતી. ફોન. ૨૪૭૫ ૩૧૫૪, ૯૩૯૪૫ ૫૩૧૫૪.

**અવસાન નોંધ :** ૧) સ્વ. વૃજલાલ ચુનિલાલ શાહ ઉ.વ. ૮૧, ગામ નાની ખાખર, હાલે હૈદરાબાદ, ચક્ષુદાન, અંતિમ ક્રિયા માટે માનવ મિત્ર સહાયરૂપ થવા હતા.

# DONATE EYES - LIVE TWICE

# શિક્ષણ સમિતિ

સંચાલક : દિર્ગેશ હિરજી નિસર
૯૩૯૩૩ ૭૯૭૯૭

***"Success has a Simple Formula***
***Do your best and success shall follow"***

The Academic year 2009-2010 is coming to an end. The exam season shall start by the time this Journal will be out. In last few years we have been observing that the students from our Community have been doing extremely well in their respective academic courses.

I on my personal behalf and on behalf of **Shri Kutchi Mitra Mandal** wish all the students **"ALL THE BEST"** for their respective examinations. In the present competition the Parents also have the testing time for supporting and preparing their children, I also wish them **"ALL THE BEST".**

Few of our students have again performed well in various courses. The details are as under.

1. **GUNJAN MANOJ MEGHJI NAGADA (Moti Varandi)** has scored 99.85% in CAT 2008 examinations. His score is highest among All India Kutchi Visa Oswal Jain Samaj students. He was awarded a Certificate of Honour and a Medal at a function organized by Kutchi Visa Oswal Seva Samaj, Mumbai on Jan 3rd, 2010. Gunjan is presently studying M.B.A. (Finance) at Indian Institute of Management, Kolkata.
2. **POOJA AMIT GOGRI (Patri)**, Uday Devchand Karani (Bada), Harsh Naresh Shah (Samakhiyari) have graduated themselves in **ABACUS** and **MENTAL ARITHMETIC,** and have completed Ten terms of the program successfully.
3. **KINJAL PANKAJ SAVLA** has won 3rd Prize in the **Painting Competition** conducted by Karnataka Urdu Academy, she stood 1st among A.P. and 3rd overall in Student's Category.

I on my personal behalf and on behalf of Shri Kutchi Mitra Mandal "Congratulate" to all students.

***"ALL SHALL BE WELL"***

## *Congratulations*

• **MASTER BHUVAN PRIYEN SHAH**, age 10 Yrs. of Gitanjali School has been awarded Silver Medal in Inter School Karate Championship in Boys Kata Event, Orange Belt where in 22 schools hade participated.

• **Dr. RAJESHREE PRIYEN SHAH** M.D.(Homeopathy) has been honoured as the best student of the year 2009 in the Grand Saraswati Sanman Samaroh held by Shri Kutchi Jain Gurjar Samaj Matunga Pakhadi, Mumbai at an All India Level on 26th January, 2010.



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

### *All is well...*

### ''ઓલ ઈઝ વેલ થી ગુજી ઉઠયુ કચ્છી ભવન''

મનોરંજન સમિતિ આયોજીત મનોરંજન મેળાવડામાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક પધારેલ. સર્વે મેમ્બર ભાઈઓ બહેનો અને બાળકો તથા પધારેલ સર્વ પદાધીકારીઓનો ખૂબ ખૂબ આભાર.

સવારથી શરૂ થયેલ રમત–ગમત હરીફાઈઓની બીજા અંકની શરૂઆત નાના ભુલકાઓની ફેન્સી ડ્રેસ હરીફાઈથી કરવામાં આવેલ. જેમા ૪૫ બાળકોએ ભાગ લઈ સર્વ દર્શકોનાં મન મોહી લીધા.

ઉત્સાહ જોમ અને મનોરંજનથી ભરપૂર એક મીનટ ગેમ્સમાં ૮૦ મહીલાઓએ ભાગ લઈ કાર્યક્રમની સફળતામાં અનેક ઘણો વધારો કરી દીધેલ. કાર્યક્રમની સૌથી આકર્ષક સંગીતમય અને મનમોહક "કયા મસ્તી કયા ધૂમ" કાર્યક્રમ રહ્યો જેમા ભાગ લેનાર ટીમો હતી (૧) ગાલા (૨) ગોસર (૩) દેઢિયા (૪) સાવલા (૫) વોરા (૬) કારાણી (૭) સંગોઈ (૮) છેડા (૯) ધરમશી (૧૦) ધરોડ નુખની.

ચાર મેમ્બરની દરેક ટીમમાં ૪૦ કુટુમ્બનું અભુતર્પૂવ પ્રતિનીધીત્વ રહ્યું.

ત્રણ સેમી ફાઈનલ અને એક ફાઈનલ રાઉન્ડમાં દરેક પળ મસ્તી મનોરંજન અને સસ્પેન્સથી ભરપૂર રહી. અને ફાઈનલની ટીમો હતી (૧) ગાલા (૨) કારાણી (૩) ધરમશી (૪) વોરા. સંગીત અને મસ્તીથી ભરપૂર દરેક પળને તાળીઓછી વધાવી લેનાર ખચોખચ દર્શકથી ભરેલ કચ્છી ભવનનું વાતાવરણ પણ ઝુમી ઉઠયું.

જેમનું ડાન્સ સૌનુ મન મોહી લીધું તે હતા

(૧) હીરાંક મનીષ સાવલા (૨) કરણ જીતેન્દ્ર ગાલા (૩) રોનક ભાનુશાલી (૪) સ્નેહા પી. ગાલા.

ઓર્કેસ્ટ્રા પર આનંદ કુમાર એન્ડ પાર્ટીએ રંગત જમાવી જેમા સારો સહકાર આપ્યો આદર્શ સાઉન્ડ અને રાજેશ ઈલેકટ્રિશીયને. આનંદ બઝારની સ્વાદીષ્ટ વાનગીઓ માટે તારા કેર્ટસનો આભાર. કાર્યક્રમના ઇનાંમોનાં સ્પોર્ન્સસ હતા. મે. પારસ એજંસીસ, શ્રી અરવીંદ કેશવજી છેડા તથા શ્રી પ્રેમચંદ કેશવજી છેડાનો હાર્દીક આભાર.

પ્રમુખ, ઉપ-પ્રમુખ, મંત્રી, સહમંત્રી, સ્પોન્સર્સ અને પદાધીકારીઓની ઉપસ્થિતી ઈનામ વિતરણને યાદગાર ક્ષણ બનાવી દીધી.

ફેન્સી ડ્રેસ હરીફાઈમાં પોતાનો અમુલ્ય સમય આપી જજમેન્ટનું કાર્ય સંભાળેલ શ્રીમતી રીટા ધરોડ અને શ્રીમતી તૃપ્તી નરેશ ગાલાનો ખુબ આભાર.

**ફેન્સી ડ્રેસના વિજેતા :**

| | | |
|---|---|---|
| ગ્રૂપ એ | પહેલુ ઈનામ | વિધી હેમાંગ મોમાયા |
| | બીજુ ઈનામ | ઈશીકા ચેતન ગોસર |
| | ત્રીજુ ઈનામ | હીતાશી મેહુલ ધરોડ |
| ગ્રૂપ બી | પહેલુ ઈનામ | કીશા સુધીર ધરોડ |
| | બીજુ ઈનામ | સીમરન વીપૂલ સાવલા |
| | ત્રીજુ ઈનામ | જેનીલ એન. સાવલા |

**એક મીનટ હરીફાઈઓના વિજેતા**

| | |
|---|---|
| ૧) પ્રીતિ પંકજ સાવલા | ૨) ઉર્મી પરેશ સાવલા |
| ૩) નિતા નિતીન સતરા | ૪) યક્ષા મનીશ નાગડા |
| ૫) શેફાલી રવી કાપડીયા | ૬) રાખી રોશન મારૂ |
| ૭) સોનલ ચેતન લાપશીયા | ૮) વીધા ધીરજ સાવલા |
| ૯) સોનલ પીયુશ ગોસર | ૧૦) માધૂરી મહેન્દ્ર હેણીયા |

**કયા મસ્તી કયા ધૂમના વિજેતા**

પહેલુ ઈનામ-ગાલા ટીમ

| | |
|---|---|
| ૧) અજીત ગાલા | ૨) ઉશ્મા નરેશ ગાલા |
| ૩) લીલાવતી ખુશાલગાલા | ૪) તેજસ ગાલા |

બીજુ ઈનામ - વોરા ટીમ

| | |
|---|---|
| ૧) મહેન્દ્ર દેવશી વોરા | ૨) પ્રભા વસંત વોરા |
| ૩) ઉમેશ નરેન્દ્ર વોરા | ૪) દીમ્પલ વી. વોરા |

**બેસ્ટ ડ્રેસ ટીમ :** છેડા ટીમ - થીમ હતી લગાન.

સાથે ફેન્સી ડ્રેસના દરેક સ્પર્ધકને કોન્સોલેશન ઈનામ આપવામાં આવ્યું.

સફળ કાર્યક્રમના આયોજન માટે સારા કાર્યકરોની મહેનત અને લગન સામેલ હોય છે, એવા સર્વ સાથી કાર્યકરો અને ફ્રેન્ડસ સોશ્યલ ગ્રૃપના સાથી કાર્યકરોનો ખૂબ ખૂબ આભાર.

## રમત-ગમત સમિતિ

સંચાલક : મનીષ એમ. સાવલા
ફોન : ૯૩૯૧૦ ૨૪૧૦૮

ઘણા સમય પછી કચ્છી ભવનમાં રમત-ગમત હરીફાઈઓ યોજવામાં આવેલ તેમા ભાગ લેનાર સર્વે સ્પર્ધકો અને ઉપસ્થિત પદાધીકારીઓનો ખુબ ખુબ આભાર.

સવારના ૯.૦૦ કલાકેથી શરૂ થયેલ વિવિધ હરીફાઈઓ બપોર ૧.૩૦ વાગ્યા સુધી યોજવામાં આવેલ. તેમા નાના મોટા ૧૫૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ તથા ઉપસ્થિત સૌ સ્પર્ધકો માટે નાસ્તાની વવ્યવસ્થા રાખવામાં આવેલ.

ઈનામ વીતરણ સાંજના યોજેલ મનોરંજન મેળાવડામાં ઉપસ્થિત પદાધીકારીઓ અને સ્પોર્સસની હાજરીમાં કરવામાં આવેલ.

રમત-ગમત હરીફાઈઓના ઈનામના સ્પોન્સર્સ મે. પારસ એજેન્સીસના શ્રી અરવિંદ કેશવજી છેડા અને શ્રી પ્રેમચંદ કેશવજી છેડાનો ખુબ ખુબ આભાર.

સાંજના યોજેલ ઈનામ વીતરણમાં નવનીત ક્રીકેટ કપ માટે હૈદરાબાદની ટીમ ઘોષીત કરવામાં આવેલ જેમા ક્રીકેટ ટીમનાં સપોન્સર્સ શ્રી પ્રફુલ રતનશી ગોગરી અને શ્રી દીપક રતનશી ગોગરીનું બહુમાન કરવામાં આવેલ. મુંબઈ નવનીત કપ ક્રીકેટ સ્પર્ધા માટે આપણી ટીમ તા. ૯-૨-૨૦૧૦ના દિવસે હુસૈન સાગર એક્સપ્રેસથી રવાના થશે.

ઈનામ વિજેતાઓની યાદી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| **CARROM COMPETITION** | Boys | 1st | Mayak Atul Gada |
| Group A | | 2nd | Bhumik S. Lalaka |
| 7 to 10 years | Girls | 1st | Aarti Nitin Satra |
| | | 2nd | Nimisha V. Vora |
| **CARROM COMPETITION** | Boys | 1st | Varun Navin Nagada |
| Group B | | 2nd | Jinesh Jayant Heniya |
| 11 to 14 years | Girls | 1st | Dhwani Manish Nagada |
| | | 2nd | Riddhi Jayesh Mamaniya |
| **CARROM COMPETITION** | Gents | 1st | Anand Arvind Rana |
| Group C | | 2nd | Rohit Talakshi Gogri |
| 15 years & above | Ladies | 1st | Priyanka B. Gandhi |
| | | 2nd | Usha Manoj Savla |
| **CHESS COMPETITION** | Boys | 1st | Vandit Dharmashi |
| Group A | | 2nd | Jainil Mukesh Gala |
| 7 to 10 years | Girls | 1st | Priyal Tejas Karani |
| | | 2nd | Jinal V. Mota |

| | | | |
|---|---|---|---|
| **CHESS COMPETITION** | Boys | 1st | Karan Darshan Shah |
| Group B | | 2nd | Rakshit Ajit Gala |
| 11 to 14 years | Girls | 1st | Dhwani Manish Nagada |
| | | 2nd | Anisha Rajesh Dedhia |
| **CHESS COMPETITION** | Gents | 1st | Darshan Shah |
| Group C | | 2nd | Paras Morabia |
| 15 years & above | Ladies | 1st | Nayana Hasmukh Dedhia |
| | | 2nd | Final Mahesh Dharod |
| **TRACK COMPETITION** | Boys | 1st | Yash J. Dedhia |
| Group A | | 2nd | Varshal Bipin Vora |
| 7 to 10 years | Girls | 1st | Nimisha V. Vora |
| | | 2nd | Hetavi R. Gosar |
| **TRACK COMPETITION** | Boys | 1st | Aakash R. Shah |
| Group B | | 2nd | Bhavin J. Gadda |
| 11 to 14 years | Girls | 1st | Harshidhi Nitin Gala |
| | | 2nd | Meghna Nimesh Bheda |
| **TRACK COMPETITION** | | 1st | Nehal Mehta |
| Ladies Special | | 2nd | Shilpa Rana |
| **FUN GAMES** | | 1) | Bhagya Morabia |
| 3 to 6 years | | 2) | Preksha S. Gosar |
| | | 3) | Vidhi Henay Momaya |
| | | 4) | Rishita Maru |
| **NURSERY RYHYMES** | | 1st | Arnav Dhirushi |
| 3 to 6 yrs | | 2nd | Purav J. Mota |
| | | 3rd | Mahi Ravi Gosar |
| **TRESSURE HUNT** | | 1st | Keval Gala |
| 14 to 25 Yrs. | | 2nd | Bhavin Gala |
| **TRESSURE HUNT** | | 1st | Sheetal A. Gala |
| Ladies Special | | 2nd | Vaishali Praful Dand |

**કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સાથી કાર્યકર્તા અને હરીફાઈઓનું સુંદર આયોજન કરવા માટે સૌ સાથી કાર્યકરનો ખુબ ખુબ આભાર.**


**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬ ૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા. પ્ર. S-1157, Aug.09)

# સમાજ દર્પણ

**પુત્ર જન્મ**

| | | | |
|---|---|---|---|
| ૧) | અ.સૌ. દીપા પંકજ દેવચંદ દેઢિયા | કપાયા | હૈદરાબાદ |
| ૨) | અ.સૌ. બિંદીયા ગૌરવ મણીકાંત મોમાયા | વરાડીયા | હૈદરાબાદ |

**સગપણ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ચાર્મી ચંદ્રકાંત ખીમજી મોતા | દેવપુર | હૈદરાબાદ |
| | ચિ. રોહીત રાજેશ ખંડેલવાત | કાનપુર | હૈદરાબાદ |
| ૨) | ચિ. હિરેન નવિનચંદ વિશનજી હરિયા | શેરડી | હૈદરાબાદ |
| | ચિ. ભાવીની મહેન્દ્ર ખીમજી વીરા | દેવપુર | ગદગ |

**શુભ લગ્ન**

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. રાજેશ જયંતીલાલ લાલજી ફુરીયા | બિદડા | હૈદરાબાદ |
| | ચિ. હિનલ લક્ષ્મીચંદ લાલકા | વાકું | વાકું |

**નવા મોબાઈલ નંબર :**

**વસંત પ્રાગજી શાહ, ૯૨૪૬૧ ૮૮૬૧૭** **હેમલ ટ્રેડર્સ, નિ. ૨૭૫૬ ૦૪૪૧**

**ભૂલ સુધાર :** જાન્યુઆરીના અંકમાં યુવા સમિતિના સંચાલકનું નામ કુણાલ હરીયા વાંચવું.

**સમાજ દર્પણ**

આજના કલીયુગમાં ધનદોલતની તાકાત થી નામ–કિર્તિની પાછળ દોટ મુકતા શ્રીમંતોને કલીયુગના કચ્છી ફરીસ્તો યાદ ન આવે એ સંભવ છે અનેક શ્રીમંતો વિકલાંગ આશ્રમ, વૃધ્ધાશ્રમ, હોસ્પીટલો વિગેરે જગ્યાએ દાનનો પ્રવાહ આપે છે અને એ દાનના પ્રવાહથી જ આવા ભગીરથ કાર્યો ચાલે છે તેમાં શંકા નથી. પરંતુ આવા દાનો આપ્યાના બદલામાં કિર્તિ અને તકતીની આપલે કરો એટલે દાન, દાન રહેતું નથી. એ માત્ર એક વિનિમય થઈ જાય છે. આપ્યું એના બદલામાં લીધું. અહીં પૂર્ણ વિરામ થઈ જાય.

પણ અહી એ એક એવા "કચ્છી ફરીસ્તા"ની વાત આપની સમક્ષ રજુ કરૂં છું. એ કચ્છી ફરીસ્તાને પ્રેમથી લોકો "અધા" તરીકે જ ઓળખે છે અને બોલાવે છે. આ ફરીસ્તાએ જીવનમાં મૂકસેવાની એક એવી ધુણી ધૂખાવી છે કે શાયદ એ એક મૂક સેવકનો ઈતિહાસ બની જાય. નેત્રયજ્ઞની સેવાથી દૃષ્ટિ અપાવે છે, વિકલાંગોના શરીરને સંચાલીત કરે છે, ભૂખ્યા માટે અન્નક્ષેત્રો થી ભૂખ ભાંગે છે. મૃત્યુના મુખમાંથી બચાવી અને સાજી સારી કરીને કન્યાનું કન્યાદાન કરે છે. ત્યારે આંખમાંથી આશ્રુધારા વહી જાય. એક કન્યાના મૃત્યુને માત અપાવી સંપૂર્ણ સાર–સંભાળ દ્વારા નવપલ્લવિત કરીને એ દિકરીને ઉમંગભેર પરણાવવા સુધીની પ્રક્રિયા એ સમજવાની સામાન્ય લોકોની ગજા બહારતી વાત છે. ભેખ કેવો હશે આ માનવીનો કલ્પના જ માત્ર કરો. કારણકે ઉમર પણ કેટલી, સિતેર વટાવી ચૂકેલ છે. આ માનવીની છતાં પણ કાર્યશક્તિ અપાર, અતૂટ શ્રધ્ધા થી કાર્યપાર પાડવાની હિંમત્ત હવે આપ જાણવા ઈચ્છતાજ હશો કે આ કચ્છી ફરીસ્તો એ કોઈ નહી પણ લાડીલા શ્રીમાન લિલાધરભાઈ માણેક ગડા ભોજાયના મૂળવતની. શ્રી કચ્છી મિત્ર મંડળ, આપના દિર્ઘાયુષ માટે પ્રાર્થના કરે છે અને આશિર્વાદની શ્રીયુત લીલાધરભાઈ પાસે આશા રાખે છે.

# સંસ્થા સમાચાર

**દેઢિયા ભાવિકોની પહેડી** પૂજ્ય મામલમાતાને નમતા દેઢિયા નુખના ભાવિકોની પહેડી તા. ૨૧–૩–૨૦૧૦ ના રવિવારના ૧૦.૦૦ કલાકે કચ્છી ભવન, એડનબાગ, રામકોટ મુકામે રાખવામાં આવેલ છે. સૌ ભાવિકોને સહપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીક ભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ સ્થળે લખાવવા વિનંતી. નિલગીરી, બડી ચાવડી, ફોન. ૬૬૫૬ ૫૭૮૮, ૯૨૪૬૨ ૦૨૧૨૦, હરેશ હેમરાજ દેઢિયા (સાવલા શોપી) બડી ચાવડી ફોન. ૯૨૪૬૧ ૯૪૪૦૫, ૬૬૬૨ ૧૮૧૧.

**સાભાર સ્વીકાર :** (૧) કચ્છ મિત્ર, (૨) કચ્છ વિકાસ, (૩) પગદંડી, (૪) ક.દ.ઓ.પ્રકાશ સમીક્ષા, (૫) કો.વૈ. ગુર્જરી, (૬) મંગલ મંદિર, (૭) જૈન જગત, (૮) યુવા પ્રેમ, (૯) ગુણ ભારતી, (૧૦) શબ્દાંતર, (૧૧) ન્યુઝ સમાંતર ગુજરાત.

**રતનવીર નેચર ક્યોર :** આજના પ્રદુષણભર્યા યુગમાં "નૈસર્ગીક કુદરતી" વાતાવરણમાં "શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ" સંપૂર્ણ સુવિધાથી સુસજ્જિત તમામ પ્રકારના નીચે દર્શાવેલ રોગોના ઉપચાર માટે આપની સેવામાં તત્પર છે. આપશ્રી નીચે દર્શાવેલ ટે.નં. તેમજ વેબસાઈટ, અથવા ઈ–મેલ દ્વારા સંપર્ક કરી શકો છો. આ ટ્રસ્ટ ૩૫ વર્ષથી સેવા કાર્ય કરી રહ્યું છે. ફોન. ૦૨૮૩૪–૨૪૪૪૪૪ Email : bidadahospital@hotmail.com, Website : www.bidada.org.

**ફ્રી ઉપચારો જે રહેવાના ચાર્જીસમાં સામેલ છે** (ડોકટરની સલાહ અનુસાર) જ્યુસ–ભોજન, અસ્થમા બાથ, પેન્ક્રિયાટીકપેક, યોનિડુશ, હાફ બાથ, મડ એપ્લીકેશન, પેડુપર મડ પેક, કોલ્ડ એફ્યુઝન, કુલવેટ શીટપેક, આંખો પર મડપેક, ન્યુટ્રલ એફ્યુજન, છાતી પર પેક, કોલ્ડ સ્પાઈનલ બાથ, હોટ એન્ડ કોલ્ડ એફ્યુઝન, પેડુ પર પેક, વગેરે વિવિધ પ્રકારના ઉપચારો આપવામાં આવે છે.

**ચાર્જબલ ટ્રીટમેન્ટ :** તલ/કોપરેલ વડે માલિશ, ઈન્ફ્રારેડ સોના, સ્ટીમરૂમ/સ્ટીમ બાથ, અંડર વોટર મસાજ, જાકુઝી, જેટ સ્પ્રે માલિશ, મડબાથ, પોટિશ–આદુ–તલ, એક્યુપંક્ચર, મેગ્નેટીક બેડ, તેમજ **ઓઝોન થેરેપી** દ્વારા, ઈઅર ઈન્સફ્લેશન, રેકટલ ઈન્સફ્લેશન, પેરિઆર્ટિક્યુલર ઈન્જેકશન, પેરાસ્પાઈનલ ઇન્જેકશન, માઈનર ઓટો–હેઈમો થેરપી, ઓઝોન સહિત નસ વાટે સેલાઈન, ઓઝોન યુક્ત બાષ્પ સ્નાન વિગેરે ઉપચારો પણ કરવામાં આવે છે. તેમજ આયુર્વેદિક પધ્ધતિ દ્વારા પણ ઉપચારો કરવામાં આવે છે.

મહામંગલકારી શ્રી શાંતિનાથ પ્રભુ બિરાજીત શ્રી જિનેશ્વરધામ કાચીગુડા મધ્યે ભવ્યાતિભવ્ય અઢાર અભિષેક તેમજ મંદીરજીની નવમી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજના તા. ૪–૨–૨૦૧૦ થી ૫–૨–૨૦૧૦ ના નિર્વિઘ્ને પૂર્ણ થયેલ.

ઉપરોક્ત મંગલકારી પ્રસંગે શ્રી જિનેશ્વરધામ મંદિરમાં બિરાજીત પ.પૂ. સાધ્વીશ્રીજી ચારૂશિલાશ્રીજી આદી ઠાણા ૪ ની નિશ્રા પ્રાપ્ત થયેલ. ધ્વજારોહણ પ્રસંગે સ્વામીવાત્સલ્યનું આયોજન ધ્વજારોહણ ના તમામ દાતા પરિવાર તરફથી કરવામાં આવેલ. અત્રે બિરાજીત તમામ પ.પૂ. સાધ્વીશ્રીજીને શ્રી કચ્છી મિત્ર મંડળ વતી સુખશાતા અને કોટી કોટી વંદન.

---

આપણા ભવનમાં આર્ટ ઓફ લીવીંગના વર્ગો સવારનાં ૬ થી ૮ વાગ્યા સુધી યોજવામાં આવી રહ્યા છે. લાભ લેવા સહુ સભ્યોને વિનંતી. વધુ માહિતિ માટે મળો : શ્રીમતી દક્ષાબેન–૯૨૯૧૪ ૫૮૪૪૭.

MARVEL
BEAUTY PARLOUR
9247304982

We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.

We conduct classes for
MEHANDI & BEAUTY COURSE



- Non Surgical Face Lifting
- Under Eye Dark Circle Treatment
- Skin Polishing Treatment
- Anti Dandruff Treatment
  - Radiance Glow
  - Lighting Facial
  - Temporary & Permanent & Hair Straightening

SPECIAL OFFER FOR YOU

SPECIAL OFFER FOR BRIDAL PACKAGE

"BEAUTY PACKAGE" for just Rs.350/-
Bleaching or Hair Massage, Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow + Rs. 50/- apply Hairdye or Heena

Contact in Person : PRAGNA H.SHAH
# G-4, Lakshmi Narayan Apartments,
Beside Mahalakshmi Dairy, Kutbiguda,
Kachiguda, Hyderabad - 27.

(જા.ખ. H-1388, Oct.09)





R.S. BANDHANI HOUSE

કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી
૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2010 Jan 10)

☛ ALL MEDICINES AT WHOLESALE RATE
☛ FREE DOOR DELIVERY FOR BULK PURCHASE
☛ હોલસેલ ભાવે દરેક દવા તેમજ મોટા ઓર્ડર
માટે ફ્રી હોમ ડિલીવરી સર્વિસ

# KAMALESH PHARMA

PHARMACEUTICAL DISTRIBUTORS
4-4-230/3, Shop No. 2, Inderbagh, Kothi, Sultan Bazar, Hyderabad-95.
Ph : 65981701, 64611701, 24757393.

*Bhasker* 6461 1701
*Deepak* 98490 17501
*Anup* 2475 7393

(શ્રી. પ. H-2229, July.09)

વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધિ, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્ના દેવી) તેડવા, નડતા દરેક ગ્રહોની શાંતિ, શ્રાદ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડલી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે

## વિજયકુમાર શુકલા

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો.
ફોન. નં. ૨૪૪૧ ૪૯૦૩. સેલ : ૯૩૯૧૨ ૩૩૪૦૮.

(શ્રી. પ. Q-........)

Dealers & Stockist
INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS

KE Estd: 1980

## KIRAN electronics

Ph (040) 2475 0656, 6453 8636
Fax :( 040) 2475 8636.
Email: hydkiranelec@yahoo.com

SB Estd: 1979

## SANGHVI BROTHERS

Telefax (040) 2475 2518.
Email: hydsanghvi@yahoo.com

દરેક પ્રસંગે ઝાડ વાવો
જીવનમાં હરીયાળી લાવો

Be vegetarian

PLANT A TREE
*on every occasion in your life*
& GET OXYGEN FREE

# વિવિધા

સંકલન : *વસંત પી. શાહ*

## સમજ–સ્વીકાર–સમાધાન

આપણી પાસે જે છે એની 'સમાજ' અને 'સ્વીકાર' આ બે બાબત અત્યંત વિચાર માંગી લે છે. જે કાંઈ છે, જે કોઈ છે તે અપૂર્ણ છે એ ખ્યાલ ખોટો છે. જે છે એ છેજ.

અપૂર્ણતાનો આભાસ અસંતોષ અને અશાંતિ બને છે. પૂર્ણતાની ખેવના હર મનુષ્યમાં છે, પણ પૂર્ણતા એ દૃષ્ટિનો સવાલ છે. હડીયા પટી અને હૂંફ એ બે વિરોધી શબ્દો છે. દરેકને કોઈને કોઈ ગાંડપણની ધૂન લાગે છે. ધૂન જન્મે કશુંક સિદ્ધ કરવું છે એની ખેવનામાંથી અને ધૂન જન્મે કશાકના અભાવમાંથી. અભાવમાંથી જન્મેલી ધૂન અતિશયતા તરફ પ્રેરે. પૈસા એકઠા કરવાની ધૂન, હૂંફના અભાવમાંથી જન્મે અને છતાં એકઠા કરેલા પૈસાને અંતેય હૂંફનો અભાવ તો ખટકતો જ રહે. એથી કોઈ પણ ચીજનો અતિરેક ન કરો.

ગરીબો પાસે એવું શું છે, જેથી એ લોકો પોતાનો રોટલો મજાથી ખાય છે ? અને શ્રીમંતો અનેક વાનગી જમતાં પણ નિરાંત્ત અનુભવતા નથી ? જવાબ બે શબ્દોમાં જડશે. સમાધાન–સ્વીકાર મનમાં એક બાબત સ્પષ્ટ કરો કે 'જે મળે તેનાથી રાજી રહેવું ! જ્યારે સમાજમાં ઘણા માણસોમાં સમાધાન વૃતિના અભાવે અસંતોષ અને ઝઘડો જોવા મળે છે. સમાધાન કોની જોડે કરવાનું ? પોતાના મન જોડે સમાધાન કેવી રીતે થઈ શકે ? જરા વિચારવા જેવું છે. પહેલાં તો એ સ્પષ્ટતા મનમાં હોવી જોઈએ કે "આ મળે તો પેલું નમલે અને પેલું મળે તાં આ નમલે"એ સ્થિતિ તો નક્કી જ છે અને એકવાર નક્કી કર્યા પછી એ નિર્ણયનો પૂર્ણ મનથી સ્વીકાર કરવાનો. પછી અફસોસ–અસંતોષ રાખવો નહીં. સમાધાન એટલે ત્રાજવાનાં બન્ને પલ્લામાં ચીજ નહી મૂકવાની. એક પલ્લામાં વસ્તુ મૂકો, અને બિજામાં કાંટલા, અને પણ મનનો કાંટો મધ્યમાં મૂકો, એવી મનની સ્થિતિ થઈ તો પછી તમને ચારેપાસ સુખ દેખાશે. વર્તમાનમાં સુખ પામતાં શીખો તો ભવિષ્ય તમને સુખ સમૃધ્ધિ આપશે.

## દૃષ્ટિ બિંદુ

યાદ રાખજો કે સામો માણસ તદન ખોટો હોય તે બનવા જોગ છે, પણ તે પોતાને ખોટો ધારતો નથી. તેને વખોડતાં નહી. વખોડવાનું કામ કોઈપણ મૂરખ માણસ કરી શકશે. પરંતુ તમે તેને સમજાવવાની કોશીષ કરજો. ફક્ત શાણા–સહનશીલ અને અપવાદરૂપ માણસોજ તેમ કરી શકશે અને કરે છે. ખરા જીગરથી તે માણસની જગ્યાએ પોતાની મૂકવાની કોશીષ કરજો. હું એની જગ્યાએ હોત તો મને કેવું લાગત, હું કેવી રીતે વર્તત આ સવાલ તમારી જાતને પૂછવાથી તમે તમારે સમય બચાવવા ઉપરાંત તમારી મુશ્કેલી પણ ટાળી શકશો. Likely to dislike the effect.

"તમારા પોતાના કામમાં બીજા કોઈ પણ કામ કરતાં તમે કેટલી તીક્ષણ ઉલટ ધરાવો છો તેની એક પલ સરખામણી કરજો. ત્યાર પછી તમને ભાન થશે કે દુનિયાના બીજા દરેક જણને તમારા જેવી લાગણી થાય છે. ત્યાર પછી તમે પણ લીંકન અને રૂઝરેલ્ટ ને પેઠે જગતના કોઈ પણ કામ માટેની સંગીન લાયકાત

મેળવી શકશો, અને તે એ છે કે બીજા માણસનું દષ્ટિબિંદુ દિલસોજી સમજવા ઉપર, બીજા સાથે કામ પાર પાડવામાં ફતેહ મેળવવાનો આધાર રહેલો છે.

"ઉધ્ધતાઈ–અસભ્યતા એ પ્રેમને મારી નાખનાર રાક્ષસ છે દરેક જણ આ વાત જાણે છે છતાં કરમની કઠણાઈ એ છેકે આપણે આપણા પોતાના કુટુંબિજનો – સગાવહાલા કરતાં, પારકાઓ તરફ વધારે સભ્યતા બતાવીએ છીએ."

## પાકીજા એટલે પવિત્રતા

તૂં કેટલી સુંદર છે,
એ મને ખબર નથી,
પરંતુ તારામાં જબદસ્ત આકર્ષણ છે,
એમા બે મત નથી....
કયા નજરે જોવું છું
એનો મને ભાન નથી,
પણ તને જોયા વગર રહેવાતું નથી,
એ વાત ને નકારી શકતો નથી...
મુલાકાત જ્યા સુધી થતી નથી,
મનની હૂર–હૂર જતી નથી...
તારા દર્શનથી દિવસ મારો સફલ થાય છે,
એ દૃઢ વિશ્વાસ ક્યારે પણ ઓછો થયો નથી...
પવિત્રતા તારા રૂપની,
મન મસ્તીકમાં જળવાય છે,
જેથી કોઈ પણ ખોટાં વિચાર મનને સ્પર્શતા નથી....
તૂ કોણ છે ? એ જાણતો નથી, તારા પ્રતી અનજાન છુ,
છંતા પણ ફરી–ફરી એજ વાત, કહું છું
તને જોયા વગર રહેવાતું નથી...

— *હંસકુમાર સાયલા*

## FATIH IS NOT A SUBSTITUTE

*Faith is not a substitute of work, it is not a substitute preparation. Rather it is a necessary part of thest things. There is nothing which can be Demonstrated & point to as faith except in relation to work.*

*The man who says he has faith he can do something & then does nothing. Has never known faith. For it comes in to being only at the point of action. If he had faith he would have done something.*

*And this brings us to our promised definition of faith. "Faith is an expressed affirnative attitude. "The wealth within your".*

## CREATIVE ATTENTION

*Creative attention means that if you a manufacturer, you will keep your eye upon the "Ball" of making a good products rather than on making a dollar.*

*If you are a merchant, you will concentrate more on creating tender and better way's of sewing the needs of your customers rather than o being served by them.*

*If you are working for a salary, you will concentrate more on what you have to give the job not on what the job has a give you.*

*If you are a looking for a job, you will consider more what you have to offer than on what you Stand to get out of it.*

*What we are "Worth" to a company, a community a job or even to our family, is determined by what we have to give them. This is our stock in trade.*

*The matter of creative living expressed all in a very few words "it is more bleesed to give them than to receive".*

## LIFE WITHOUT TENSION

*"Think before taking action*
*Don't get impatient*
*Be happy & be vehement*
*Live life without tension"*

## THINK BEFORE YO WRITE

*"Before you speak, listen*
*Before you write, think*
*Before you spend, earn*
*Before you invest, investigate*
*Before you critise, wait*
*Before you prey, forgive*
*Before you quit, try*
*Before you retire, save*
*Before you die, give"*

**વિવિધા સમાપ્ત...**

**DONATE EYES - LIVE TWICE**

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એૈડેડ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

૧૦૧, એસ.વી. ફોર્ચ્યુન, એડનબાગ, રામકોટ, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫.
ફોન. નં. ૬૪૫૫ ૬૫૬૩, ૨૪૭૫ ૨૧૮૫.

## સ્વાસ્થ્ય સુરક્ષા યોજના રિન્યૂઅલ

સોસાયટીની ગ્રુપ મેડિક્લેમ યોજનાની મુદત તા. ૨૮–૨–૨૦૧૦ના પૂરી થાય છે.

આ યોજનામાં ભાગ લીધેલ સભ્યોએ રિન્યૂઅલ લવાજમની રકમ તા. ૧–૨–૧૦ થી ૨૦–૨–૧૦ સુધી સોસાયટીની ઓફિસમાં ભરી જવા વિનંતી.

રિન્યુઅલ લવાજમમાં દરેક દાવા વિનાના (NO CLAIM) વરસ માટે ૧૦% રિબેટ (મહત્તમ રિબેટ ૩૦% સુધી) આપવામાં આવશે.

નવા સભ્યો પણ આ યોજનામાં જોડાઈ શકે છે. તા. ૩૧–૩–૨૦૦૯ સુધી બનેલ સોસાયટીનો દરેક સભ્ય આ યોજનામાં જોડાઈ શકે છે.

લવાજમની રકમ રોકડેથી, ચેક દ્વારા અથવા સરલ બચત ખાતામાંથી આપી શકાશે.

મેડિક્લેમ લવાજમ બાબત અન્ય જાણકારી સોસાયટીની ઓફીસમાંથી મેળવી શકાશે.

લવાજમ સ્વીકારવાનું સમય

**૧૦.૩૦ થી ૧.૩૦ અને ૨.૦૦ થી ૫.૦૦**

**રવિવાર બંધ**

લી.

**શ્રી સંજય ગાલા** — ચેયરમેન
**શ્રી તારાચંદ ધરોડ** — ડેપ્યુટી ચેયરમેન
**શ્રી ખુશાલ ગાલા** — મેનેજીંગ ડાયરેક્ટર
**શ્રી અરવિંદ છેડા** — ડાયરેક્ટર–એડમિનિસ્ટ્રેશન
**શ્રીમતી વાસંતી શાહ** — ડાયરેક્ટર–ફાઈનાંન્સ

(જા.ખ. F-2749)

# હેમલ ટ્રેડર્સ

**આભાર...! ક્ષમા...! અપેક્ષા...!**

તા. ૪-૨-૨૦૧૦ ગુરૂવારના શુભ દિવસે દુકાનનાં ઉદ્‌ગાટન પ્રસંગે આપસૌનો ઉમળકાભર્યો સહકાર અને આત્મીયતાની લાગણીએ નવા સાહસને ચાર ચાંદ લાગી ગયા. ઉદ્‌ગાટનના આયોજનમાં આપસૌના માન સન્માનમાં કે આતીથ્ય સત્કારમાં સગવડ સાચવવામાં ભૂલચૂક થઈ હોયતો મિચ્છામી દુક્કડમ. ભવિષ્યમાં આવોજ સુંદર સાથ સહકાર આપી પ્રોત્સાહિત કરશોજી. એજ અપેક્ષા સાથે.

# હેમલ ટ્રેડર્સ

૪-૨-૬૧૧/૨, રામભરોસેની બાજુ ગલીમાં, રામકોટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૦૧.

***ઉપલબ્ધ વેરાયટીઓ (હોલસેલ ભાવે)***

**ખાખરા** સાદા કોરા, મેથી મસાલા, મેથી સાદા, બાજરા, માંગરોળી, પાણીપુરી, પાવભાજી, મઠ, ચોરા ફળી, ઘી સાદા વગેરે...

**ફરસાણ** યેલ્લો વેફર, મરી વેફર, કેળા મસાલા વેફર, પંજાબી મિક્સ, ચનાદાલ, રેઈનબો મિક્સ, મસાલા પી નટ્સ, તીખા મિક્સ, બુંદી સાદા, બુંદી તીખા, કોલ્હાપુરી મિક્સ, નાયલોન ભાવનગરી સેવ, ભાવનગરી ગાંઠિયા, મદ્રાસ મિક્સ, નડિયાદી મિક્સ, લેમન ભેલ, સુરતી ભેલ, ભડંગ ભેલ, ચંપાકલી, સેવપુરી, ગારલિક સેવ, ગારલિક મિક્સ, પાલક સેવ, મકાઈ મિક્સ, શિંગ ભુજીયા, તીખા સેવ, મારવાડી સેવ, માખનીયા સુરતી, સાદા સેવ, ભેલ સેવ, ભાખરવડી, મૂંગદાલ, કાબુલિ ચના, દાલમોઠ, ગોલ્ડન ચિવડા, મરી મસાલા ચના, નવરતન મિક્સ, કલકત્તા મિક્સ, તીખા ગાઠિયા, નૂડલ મિક્સ, મકાઈ મસાલા, મહાબલેશ્વર મિક્સ, ડાયટ સાદા, ડાયટ મસાલા, રતલામી સેવ, વ્હીટ ચીવડા, મેથી ગાઠિયા, સાબૂદાના ચીવડા, ડ્રાયફ્રુટ ફરાળી ચીવડા, મિક્સ ફરસાણ, પ્રોટીન સોયા સ્ટીક્સ, મંચુરિયન સ્ટીક્સ, ટેંગી ટોમેટો સ્ટીક્સ, ડાયટ ભાજની ચકરી, પુણે ભાખરવડી અને ડ્રાયફ્રુટ કચોરી વગેરે...

**ચિક્કી** સિંગ, ક્રસ, મુરમુરા, રાજગરા, તલ, ડ્રાયફ્રુટ, મલાઈ ચિક્કી વગેરે...

**ખારી** સાદા, મસ્કા અને જીરા વગેરે

તથા **હોમમેડ ચોકલેટ્સ**

**ચંદ્રકાન્ત મોતા**
93466 74542, 92901 24230

**હેમલતા મોતા**
040-2756 0441

(જા.ખ. F-2877)